**શ્રી એમ. પી. શાહ આર્ટ્સ અને સાયન્સ કોલેજ, સુરેન્દ્રનગર**

**ફિનિશિંગ સ્કૂલઅહેવાલ**

તારીખ – 27/03/2019 થી 01/04/2019 અને તા. 02/04/2019 થી 06/04/2019

(દિન 10, 50 કલાક)

શ્રી એમ. પી. શાહ આર્ટ્સ અને સાયન્સ કોલેજ, સુરેન્દ્રનગર ખાતે આચાર્યશ્રી ડૉ. હિમ્મત ડી. ભાલોડિયાના અધ્યક્ષ સ્થાને નૉલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત અંતર્ગત અત્રેની શ્રી એમ. પી. શાહ આર્ટ્સ અને સાયન્સ કોલેજ, સુરેન્દ્રનગર ખાતે 27/03/2019 થી 01/04/2019 અને તા. 02/04/2019 થી 06/04/2019 સુધીમાં કે.સી.જી. કચેરી દ્વારા નિયત ટ્રેનરશ્રીઓ પૈકી કોલેજ દ્વારા પસંદ કરેલ ટ્રેનરશ્રી આલિષા કાતીરા દ્વારા એક બેચના કોમ્પોનન્ટ-3 ના 5 (પાંચ) દિવસ અને કોમ્પોનન્ટ-4 ના 5 (પાંચ) દિવસ કુલ 10 (દસ) દિવસમાં 25+25 કલાક, કુલ 50 કલાકની તાલીમ રાખવામાં આવેલ. આમ સમગ્રતઃ એક બેચના બીજા ફેઝમાં કુલ 50 કલાકની તાલીમનું આયોજન કરવામાં આવેલ છે. આ તાલીમમાં કોમ્પોનન્ટ-3-4 અંતર્ગત આવતાં ઇંગ્લિશ ફંક્શનલ સ્કિલ્સ અંતર્ગત આવતા વિવિધ મુદ્દાઓની તાલીમ આપી રોજગાર માટે ઉપયોગી વિવિધ બાબતોનું ટ્રેનરશ્રી આલિષા કાતીરા દ્વારા વિવિધ એક્ટિવિટીથી પૂર્ણ એવું ખૂબજ ઝીણવટપૂર્વક અને જીવંત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને દરેક એક્ટિવિટીમાં વિદ્યાર્થીઓએ સક્રિય ભાગ લીધો હતો. આ ઉપરાંત વિદ્યાર્થીઓનો ઉત્સાહ સતત વધતો રહે અને ઉચ્ચ કક્ષાનું 'આઉટકમ' મળી રહે તે માટે આચાર્યશ્રી સમયાંતરે આ તાલીમની મુલાકાત લઇ વિદ્યાર્થીઓ સાથે સંવાદ સ્થાપિત કરતા રહ્યા હતાં. ઉપરાંત આ તાલીમના કો-ઓર્ડીનેટરશ્રી ડૉ. શિવાંગકુમાર ભાવસાર તાલીમના સ્થળે સક્રિય રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારતા રહ્યા હતાં તથા તાલીમ માટે જરૂરી તમામ વ્યવસ્થાનું આયોજન કરતાં રહ્યાં હતાં. આ તાલીમને વધુ અસરકારક બનાવવા માટે કોલેજ કક્ષાએથી કો-ઓર્ડીનેટરશ્રી દ્વારા વોટ્સ-અપ ગ્રુપ બનાવવામાં આવ્યું હતું જેમાં તમામ તાલીમાર્થી વિદ્યાર્થીઓ, ટ્રેઇનરશ્રી, કો-ઓર્ડીનેટરશ્રી તથા આ કોલેજના આચાર્યશ્રી સભ્ય હતાં અને વિદ્યાર્થીઓને પોત-પોતાની કક્ષાએથી નિરંતર પ્રેરિત કરી સમગ્ર તાલીમ દરમિયાન સક્રિય રાખી વર્તનમાં અપેક્ષિત પરિવર્તનનાં પ્રયાસો કરતાં રહ્યાં હતાં. આ તાલીમમાં સહભાગી થયેલ તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે કેસીજી દ્વારા પ્રમાણપત્ર પણ આપવામાં આવશે.

College Round Seal

Signature of the Principal